



ગ્રામ વિસ્તારોની શાળાઓ માટે પ્રવેશોત્સવ યોજાયા બાદ હવે શહેર વિસ્તારની શાળાઓ માટે પણ પ્રવેશોત્સવનો આરંભ કરવામાં આવ્યો છે સાથે સાથે કન્યા કેળવણી મહોત્સવ પણ યોજાઈ રહ્યો છે. પ્રવેશોત્સવની પરંપરા મુજબ કુમકુમ તિલક, અભ્યાસ સામગ્રી, અવનવી ભેટો સાથે મહાનુભાવોની હાજરીમાં બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવે છે અને આમ તેમનો શાળામાં પહેલો જ દિવસ યાદગાર બની જાય છે. (તસવીર : દિપક જાની)

# પ્રથમ ફેઝની પરીક્ષામાં ગેરરિતી કેસમાં ૭૧ને સજા


અમદાવાદ, તા.૨૮

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા તા.૮થી ૨૯મી મે દરમિયાન લેવાયેલી પરીક્ષામાં ગેરરિતી કરતા પકડાયેલા ૭૮ વિદ્યાર્થીઓની સુનાવણી હાથધરી ૭૧ વિદ્યાર્થીઓને સજા કરાઇ હતી અને સાતને છોડી મુકી દેવામાં આવ્યો હતો. બીજા ફેજની પરીક્ષામાં પકડાયેલા ૧૩૦ વિદ્યાર્થીઓની સુનાવણી પાંચમી જુલાઈથી હાથ ધરાશે. જીટીયુ સંલગ્ન ઈજનેરી, ફાર્મસી, એમઇ, એમફાર્મ સહિત વિવિધ અભ્યાસક્રમોની તા.૮મી ૨૯મી મે સુધી લેવાયેલી પરીક્ષામાં ગેરરિતીમાં પકડાયેલા ૭૮ વિદ્યાર્થીઓ માટે સુનાવણી હાથધરાઇ હતી. જીટીયુ પરીક્ષા સધી સમિતિએ સુનાવણી બાદ ૩ વિદ્યાર્થીઓને પ્રથમ લેવલની જેમાં જેતે વિષયમાં ગેરરિતી કરતતા પકડાયા હોય તે વિષયમાં નાપાસની સજા, ૩૨ વિદ્યાર્થીઓને બીજી લેવલની જેમાં તમામ વિષયમાં નાપાસ ઉપરાંત આગળની એક પરીક્ષામાંથી પણ બાકાત રહેવાની સજા, ૩૬ વિદ્યાર્થીઓને ત્રીજા લેવલની જેમાં તમામ વિષયમાં પરિણામ રદ કરવા ઉપરાંત આગળની બે પરીક્ષામાં ન બેસવાની સજા ફટકારવામાં આવી છે. બીજા ફેઝની લેવાયેલી તા.૩૦મી મેથી ૨૫ જુન સુધીની પરીક્ષામાં ગેરરિતી કરતા પકડાયેલા ૧૩૦ વિદ્યાર્થીઓની પરીક્ષા સુધી સમિતિની તા.૫ અને ૬ જુલાઇના રોજ મળનારી બેઠકમાં સુનાવણી હાથ ધરાશે.

# પીસીઆઇની બેજવાબદારીને લીધે ૨૩ કોલેજો મુશ્કેલીમાં

અમદાવાદ, તા.૨૮

ફાર્મસી કાઉન્સી ઓફ ઈન્ડિયની (પીસીઆઇ) બે જવાબદારીને કારણે ડિગ્રી ફાર્મસીની ૨૦ અને ડિપ્લોમા ફાર્મસીની ૩ મળી ૨૩ કોલેજોમાં તપાસની પ્રક્રિયા પુરી ન થવાને કારણે કોલેજોને નો એડમીશન ઝોનમાં મુકવાની ફરજ પડી છે. કોલેજો સહકાર આપતી હોવા છતાં પીએસઆઇ તપાસ પુર્ણ ન કરતી હોવાનું જાણવા મળ્યું છે. ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (પીસીઆઇ) દ્વારા દર વર્ષે કોર્સ ઓફ કન્ડકટથી અને હેડકોટ મજૂંરીથી ચાલતી કોલેજોમાં તપાસ કરવામાં આવે છે. નિયમ મુજબ ત્રણ વર્ષમાં કોલેજોએ ફોર્માલીટી પુરી કરી પીસીઆઇની મજંરી લઇ લેવાની હોય છે. આ કોલેજો નિયમ મુજબ તપાસ ફોર્માલીટી પુરી કરતી હોય છે પરંતુ પીસીઆઇ સમયસર કાર્યવાહી કરી ન શકવાને કારણે કોલેજોને નુકશાન થાય છે. હાલ ૨૩માંથી ૧૨ કોલેજો કોર્સ ઓફ કન્ડકટથી ચાલે છે. હાલ ડિગ્રી ફાર્મસીની ૨૦ કોલેજો અને ડિપ્લોમાં ફાર્મસીની ૩ કોલેજો મળી ૨૩ કોલેજોમાં પીસીઆઇ મળી ૨૩ કોલેજોમાં પીસીઆઇ તપાસ પુરી કરી મજુંરીની પ્રક્રિયા પુર્ણ કરતી નથી. ઈન્સ્પેકશનનો ખર્ચ એટલે કે અધિકારીઓના આવવા, જવાનો અને રહેવાના ખર્ચ સહિત અન્ય ખર્ચાઓ પેટે લેવાતી રકમ ફાર્મસી કોલેજ દ્વારા ભરીદેવામાં આવે તે પછી પણ પીસીઆઇ દ્વારા કોઇ પ્રક્રિયા હાધધરાતી નથી. પીસીઆઇની બે જવાબદારીને કારણે કોલેજો અને વિદ્યાર્થીઓને પણ નુકશાન થાય છે અને ભારે પરેશાની ભોગવી પડે છે.




# અધ્યાપક મહામંડળ અને સરકાર સાથે બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કોલેજ અધ્યાપક મહામંડળના મહામંત્રી અને ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના પ્રમુખ ડૉ. જે.એસ. પ્રજાપતિએ જણાવ્યું છે કે, અધ્યાપકોના એરિયર્સ સહિતના પડતર પ્રશ્નોના ઉકેલ માટે મહામંડળ તરફથી વારંવાર કરવામાં આવેલી રજૂઆત બાબતે શિક્ષણ મંત્રીએ અગ્ર સચિવ, શિક્ષણ અને કમિશનર ઉચ્ચ શિક્ષણને પડતર પ્રશ્નોની યાદી સહિત મોકલેલા પત્રમાં પડતર પ્રશ્નોના નિકાલ માટે મહામંડળ સાથે પૂર્ણકાલીન બેઠક ગોઠવવાની સૂચના આપતા પત્ર પ્રમાણે અધિકારીઓ દ્વારા ટૂંક સમયમાં પૂર્ણકાલીન બેઠક ગોઠવવામાં આવશે.

કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર ઉપર વય મર્યાદા ૬૨ વર્ષથી વધારીને ૬૫ વર્ષ કરવાની શરતને અખિલ ભારતીય મહામંડળ અને ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળની એરિયર્સની ચૂકવણીની વારંવાર રજૂઆતને કારણે પડતી મુકતાં કેન્દ્ર સરકાર યુ.જી.સી. દ્વારા ૮૦ ટકા ગ્રાન્ટ રીલીઝ કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ પણ ૮૦ ટકા ગ્રાન્ટ ઝડપથી રીલીઝ થાય તે બાબતે દિલ્હી ખાતે કેન્દ્રીય શિક્ષણ મંત્રીની મુલાકાત લેશે.

ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના પ્રમુખે નવા વરાયેલા ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના પ્રમુખ અને હોદ્દેદારોને આવકારી મહામંડળના ઘટક તરીકે માન્યતા આપી છે અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળની રચનાનો આવકારી છે.

# રામોલની શાળામાં બોંબની અફવા : નનામા ફોન બાદ મિનિટમાં સમગ્ર સ્કૂલ ખાલી કરાવાઇ

## ૨૦ મિનિટમાં ત્રણ બોંબ ફૂટશે તેવો નનામો ફોન મળ્યો

અમદાવાદ, તા.૨૮

રામોલ વિસ્તારમાં આવેલી નિરાંત ચોકડી પાસેની માધવ ઈન્ટરનેશનલ શાળામાં બોંબનીઅફવાને પગલે ભારે દોડધામ મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં બોંબસ્કવોડ અને ડોગ સ્કવોડનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે આજે વહેલી સવારે વસ્ત્રાલ વિસ્તારમાં વિરાન ચોકડી પાસે આવેલી માધવ ઈન્ટરનેશનલ સ્કુલના પ્રિન્સીપાલ જીતુભાઇ પ્રજાપતીના મોબાઈલ ફોન પર ફોન આવ્યો હતો કે તુમ્હારી સ્કૂલ મેં તીન બોંબ રખ્ખે હૈ ઔર ૨૦ મીનીટમેં ફટનેવાલે હૈ' કહી અજાણી વ્યક્તિએ ફોન મૂકી દીધો હતો. બાદમાં જીતુભાઇએ આ અંગે પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરી હતી. જેથી પોલીસ કન્ટ્રોલ રૂમ દ્વારા રામોલ પોલીસ અને ઉપરી અધિકારીઓને ઘટનાની જાણ કરાઇ હતી. ઘટનાની જાણ થતાં રામોલ પોલીસ અને ઉપરી અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ઉપરાંત બોંબ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો પણ ઘટના સ્થળે દોડી આવી હતી. બોંબ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમે તુરંત સઘન ચેકીંગ શરુ કરી દીધું હતું. બીજી તરફ શાળામાં વિદ્યાર્થીઓ હાજર હોવાથી પોલીસે ખૂબ જ શાંતિપૂર્વક સ્કૂલ સત્તાવાળાઓને સ્કૂલ ખાલી કરાવવા કહ્યું હતું. જો કે છતાં બોંબની વાત સમગ્ર વિસ્તારમાં ફેલાઇ જતાં સ્કૂલ પર વાલીઓ મોટી સંખ્યામાં એકઠા થઇ ગયા હતા. હાલમાં બોંબ સ્કવોડ અને ડોગસ્કવોડ દ્વારા સ્કૂલમાં સઘન ચેંકિંગ કર્યુ હતું. પોલીસે ફોન નંબર પરથી તપાસ કરી વસ્ત્રાલ વિસ્તારના બે એસટીડી પીસીઓ ધારકની અટકાયત કરી સઘન પુછપરછ હાથ ધરી હતી.

# સરકારી શાળા સે-૧૭/૨૩ ખાતે પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરની સેકટર-૧૭/૨૩ સરકારી પ્રાથમિક શાળામાં આજે ૧૬ વિદ્યાર્થીઓને ગાંધીનગર જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી જી.જે. જોષીએ વિદ્યાર્થીઓને કીટ આપી પ્રવેશ કરાવ્યો હતો. તેમજ સરસ્વતી સાધના અંતર્ગત બે કન્યાઓને સાયકલ આપવામાં આવી હતી.

આ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બાળકોએ યોગ, સ્વાગતગીત, શૌર્યગીત, ગાઈને બાળકોએ આમંત્રિત મહેમાનોને ખુશ કર્યા હતા અને વૃક્ષારોપણનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી જે.જી. જોષીએ બાળકોને શાળામાં નિયમિત આવવાનો સંકલ્પ તેમજ કન્યાઓને મળતી સહાય વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ૩ થી ૭ ધોરણના ૧ થી૩ નંબરે પાસ થનાર વિદ્યાર્થીને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમમાં સી.આર.સી. વી.એમ. બારોટ તેમજ કોર્પોરેટર વોર્ડ નં. ૭ના ગોવિંદભાઈ પરમાર, વોર્ડ નં. ૧ના દેવેન્દ્રસિંહ ચાવડા, જાગૃતિબેન પુરોહિત, યુવા મોરચાના પ્રમુખ ઉરેન પટેલ, મહાનગરના મંત્રી કનુભાઈ દેસાઈ, સે-૧૭ વસાહતના પ્રમુખ રજુજી ગોલ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમના અંતે સેકટર-૧૭ના આચાર્ય મંજુલાબેન બારોટે તિથી ભોજનના દાતા તેમજ સેકટર-૨૩ના આચાર્ય અંબાલાલ પ્રજાપતિએ પણ તિથી ભોજન અને આમંત્રિત મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો.

# કર્મ અને જ્ઞાનનો યોગ જ પૂર્ણતામાં પહોંચાડે છે

જે કોઈ વિદ્યા વિદ્યા અને અવિદ્યા એ બંનેને એકસાથે જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યુને પાર કરી જઈને વિદ્યા દ્વારા અમૃતત્વને પ્રાપ્ત કરે છે.... ઈશ/૧૧

ઈશ ઉપનિષદનો આ મંત્ર જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં આત્માનુભૂતિ માટે કર્મ માર્ગ કે જ્ઞાન માર્ગ કોની શ્રેષ્ઠતાની ચર્ચા તથા તેનો સમ્યક ઉપાય દર્શાવનાર છે. જ્ઞાન અથવા કર્મ, નિવૃત્તિ કે પ્રવૃત્તિ બેમાંથી શું પસંદ કરવું તેની વિચારણા સતત થતી રહે છે. આ મંત્રમાં વિદ્યા તથા અવિદ્યા એવાં બે પદ આંતરિક ધ્યાન તથા બાહ્ય કર્મ માટે નિયોજાયા છે. આથી આ બે પદોના જે વિવિધ અર્થો ટીકાકારોએ નોંધ્યા છે તેની સ્પષ્ટતા થવી જરૂરી છે. એ સમયની બે સ્પષ્ટ વિરોધી વિચારધારાનું આ પદો પ્રતિનિધિત્વ કરે છે. અવિદ્યા એટલે અજ્ઞાન તથા વિદ્યા એટલે આજનું ભણતર એવું માનવું સર્વથા અસત્ય જ છે.

આ ઉપનિષદના નવમા મંત્રમાં આ પદો તથા તેના ઉપાસકો પર થતી અસર જણાવેલ છે. ત્યાં અવિદ્યાનો અર્થ બાહ્ય વૈદિક કર્મકાંડ તેવો કરવામાં આવ્યો છે. જે લોકો ફળની આશા રાખી આસક્તિ સાથે યજ્ઞાદિ કર્મકાંડ કરે છએ તેઓ ગાઢ અંધકારમાં પ્રવેશે છે તેવું કહ્યું છે. મતલબ કે તેઓને આત્મજ્ઞાન નથી થતું. આ અંધકાર મોહક માયના સ્વરૂપે વ્યાપે છે. માયાના મોહમાં અટવાતો કર્મકાંડી જ્ઞાન પામતો નથી. ગીતાજીમાં 'વેદ-વાદરતા' શબ્દ પ્રયોજાયો છે. આવા કર્મકાંડીઓ સુખ ભોગવતા દેખા છે. પણ બ્રહ્મદર્શનથી વંચિત રહી જાય છે. વિદ્યાનો અર્થ આંતરિક ધ્યાન અથવા બ્રહ્મવિદ્યા તેવો કરવામાં આવ્યો છે. જે લોકો વિશ્વ પરત્વેની પોતાની જવાબદારી છોડી માત્ર ધ્યાન માટે સંસાર છોડી સંન્યાસ લે છે, આંતરિક ધ્યાનમાં જ રત રહે છે. કર્મ પરત્વે ઉદાસિનતા સેવે છે. તેઓના જીવન એકાંગી બને છે. તેઓ પણ આત્મ દર્શનનો પ્રકાશ પામતા નથી. તેઓ પણ અન્ય પ્રકારના અજ્ઞાન તથા અહમ્‌ના અંધકારમાં અટવાય છે. આ વધારે ગાઢ અંધકાર છે.



આમ પ્રથમ દૃષ્ટિએ અવિદ્યા એટલે માત્ર બાહ્ય કર્મકાંડ પ્રવૃત્તિ માર્ગ. અને વિદ્યા એટલે આંતર ધ્યાન બ્રહ્મવિદ્યા. બંનેની એકાંગી ઉપાસના વ્યક્તિને ગાઢ અંધકારમાં જ લઈ જાય છે. કેટલાક વિચારકોને મતે વિદ્યાના ઉપાસકો દેવલોક પામે છે અને અવિદ્યાના ઉપાસકો પિતૃલોકને મેળવે છે. જ્યાંથી બંનેને જન્મ-મરણના ફેરામાં પાછું ફરવું પડે છે. અવિદ્યાને ધ્યાન જ્ઞાનનું પ્રાથમિક ચરણ ને વિદ્યાને ઉચ્ચતર ચરણ પણ માનવામાં આવે છે. ભાસ્કરાચાર્ય જેવાના મતે સાધક માટે બંને અતિ મહત્ત્વનાં છે. બંને પરસ્પર સંકળાયેલ બાબત છે. જો એકનું ગ્રહણ કરી અન્યને છોડી દેવામાં આવે તો અંધકારમાં જ અટવાવું પડે. પૃથક-પૃથક અનુસરણ હાનિકારક છે. માટે ઉપનિષદના ઋષિ બંનેનો સમન્વય કરી એક પૂર્ણ ઉપાસનાનો માર્ગ કંડારે છે. તેમના મંતવ્ય પ્રમાણે કર્મ તથા જ્ઞાન, પ્રવૃત્તિસહ નિવૃત્તિ કે નિવૃત્તિસહ પ્રવૃત્તિ જીવન વ્યવહારમાં ક્રમશઃ ઉપયોગી બનતા રહે છે. જેમાં અવિદ્યાના સહારે મૃત્યુને તરી જઈ વિદ્યા દ્વારા અમરતા પ્રાપ્ત થઈ શકે છે. વિદ્યા કે અવિદ્યાની એકાંગી ઉપાસના પ્રકાશના માર્ગે નથી દોરી જતી.

ઋષિ જણાવે છે કે બંને એકબીજાની પૂરક પ્રવૃત્તિ છે. બંનેનું મહત્ત્વ પણ સમાન મનાયું છે. બંનેને અભિન્ન સ્વરૂપે ઉપાસી શકા છે. અવિદ્યા દ્વારા મરણને તરી જવું, મરણનો પાર પામી જવો તે કેવી રીતે બને છે ? કોઈપણ સાધક તેની સાધનાનો પ્રભાવ તો કર્મકાંડથી જ કરતો હોય છે. જેમ જેમ તે આગળ વધતો જાય, સાધનામાં ઊંડો ઉતરતો જાય તેમ તેમ તેના બાહ્ય કર્મો છૂટતા જાય છે. આસક્તિ ઘટે ને કર્મફળની આશા નષ્ટ થાય. આમ થતાં તેના ચિત્તમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાય છે. નિષ્કામ કર્મ જ સાધકને બ્રહ્મજ્ઞાન માટે સજ્જ કરે છે. લાંબા પ્રયત્નો પછી તે જ્ઞાની બને છે. ગીતાજીમાં ભગવાન કહે છે, જ્ઞાની ભક્ત મને સૌથી વધારે પ્રિય છે. કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધ અંતઃકરણ પામેલો સાધક આપમેળે જ આત્માને પામે છે. (ગીતા : અ. ૪/૩૮). અવિદ્યાથી વિદ્યાના માર્ગે ચાલતા સાધકની દેહાસક્તિ ઘટતી જાય છે. તેનો દેહાભાવ ક્ષીણ થાય છે. આ શરીર તો માત્ર એક સાધન છે, ઉપકરણ છે તેવો ખ્યાલ દૃઢ બને છે. મૃત્યુ માત્ર દેહનું થાય છે. એ એક પરિવર્તન માત્ર છે. તેનાથી કરવાનું કશું જ કારણ નથી. મૃત્યુ એ તો તમામ દૃશ્ય પદાર્થોની નિયતિ છે. આત્માને મૃત્યુ નથી. અમૃતત્વ આત્માનું ગૌરવ છે. જ્ઞાની વ્યક્તિ મૃત્યુનો ડર છોડીને તેનો પાર પહોંચી જાય છે.

જ્ઞાન પ્રાપ્ત થયા પછી સાધક વિરક્ત ભલે હોય પણ સંસાર છોડતો નથી. તેણે અન્ય લોકોને જાગૃત કરવાનું કાર્ય કરવાનું હોય છે. તેથી ફરી પ્રવૃત્તિ માર્ગ સ્વીકારે છે. આમ કર્મ, જ્ઞાન તથા કર્મ તેવું ચક્કર ફરતું રહે છે. ઉચ્ચ કોટિના જ્ઞાની-સંતો પરહિતમાં નિત્ય વ્યસ્ત રહે છે. તેમના મનમાં સર્વ ભૂતો સમાન જ છે. સમાજના ઉત્કર્ષ માટે તેઓ સતત ગૂંજતા રહે છે. આવો સતત પ્રયત્ન કરનાર જાગૃત વ્યક્તિ સમાજસાથે એવી તો વણાઈ જાય છે કે તેનો નશ્વર દેહ ન હોય ત્યારે પણ સમાજ તેનાં મંતવ્યોનું અનુસરણ કરતો હોય છે. આમ તે વિદ્યા દ્વારા અમૃતત્વને પામે છે. અવિદ્યા તથા વિદ્યાના આ પ્રાચીન મંતવ્યો છે. પણ આધુનિક યુગમાં આપણે શું વિચારી શકીએ ? આચાર્ય શ્રીરામ શર્માએ આ બે પદોના આધુનિક અર્થ આપ્યા છે. તેમના મતે વિદ્યામાં યોગ તથા આંતરિક ઉત્કર્ષ સાધતાં તત્ત્વો આવે. જ્યારે અવિદ્યામાં આજના તમામ વિજ્ઞાનોનો સમાવેશ થાય છે. આ વિજ્ઞાન દ્વારા જ આપણે ભૌતિક ઉન્નતિ સાધી શક્યા છીએ. જીવન સુખ સગવડતામાં જાય તેવાં સાધનો વિકસાવ્યાં છે. આ ભૌતિક વિજ્ઞાનનું જતન કરતાં તેઓ ઉચ્ચ ફળ આપે છે. આજે રોગનો ભય ગયો છે. પશ્ચિમના દેશોએ બાહ્ય ક્ષેત્રમાં સારી ઉન્નતી સાધી છે. પરંતુ વિદ્યા એટલે બ્રહ્મજ્ઞાનનો સંપર્ક ન થતાં આસૂરી બળો વધ્યા છે. પરિણામે વિશ્વ ત્રસ્ત થયું છે.

વિદ્યા અને અવિદ્યા - બંનેમાંથી કોઈ એકની એકાંગી ઉપાસના થાય તો પરિણામ શું આવે તે આપણે વિશ્વના કેટલાક દેશોના ઉદાહરણો પરથી સમજવાનું છે. જીવનમાં કર્મ પણ છે ને ધર્મ પણ છે. કર્મજડ કે ધર્મજડ વ્યક્તિ કે રાષ્ટ્ર ક્યારેય સર્વાંગી ઉન્નતિ ન સાધી શકે. વિદ્યા તથા અવિદ્યા, કર્મ અને જ્ઞાનનો યોગ જ પૂર્ણતામાં પહોંચાડે છે.

**સંસ્કાર ચિંતન**
- અનંતરાય ન વ્યાસ

# અવિનાશી અવિનાશ

- સંજય થોરાત

## 'શિવરંજની'એ ગુજરાતી ફિલ્મ સંગીતના ગૉડફાધર અવિનાશ વ્યાસનાં સદાબહાર ગીતોની ધૂણી ધખાવી

### સંગીત શિરોમણી અને સુગમ સંગીતના શ્વાસ સમાન સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાયે એમના ગુરુ અને સાથી એવા અવિનાશ વ્યાસની અવનવી વાતોની લિજ્જત સાથે ફેમસ અને ઑફબીટ ગીતોથી સુરીલી સાંજ સજાવી

ગુજરાતી ગીતો સાંભળવાનો શોખ હોય અને એમાંય જો જૂના ગીતો ખાસ કરીને હિન્દી ફિલ્મ જગતના ખ્યાતનામ ગાયકો લતા મંગેશકર, મુકેશ, આશા ભોંસલે, રફી, મન્નાડે, ઉષા મંગેશકરના કંઠે ગવાયેલા અવિસ્મરણીય લગભગ બધાં જ ગીતો અવિનાશ વ્યાસના સ્વરબદ્ધ કરેલાં છે. અવિનાશ વ્યાસની આટલી બધી ઓળખ આપીએ એટલે બાકીનું બધું આપોઆપ સમજાઈ જાય. કવિ પ્રદીપનાં અત્યંત પ્રસિધ્ધ ભજન પૈકી 'પીંજરે કે પંછી રે તેરા દર્દ ના જાને કોઈ..'ને અવિનાશ વ્યાસે સ્વરબધ્ધ કરી ગીતની સાથે તેઓ પણ અમર થઈ ગયા !!

'માડી તારા મંદિરીયામાં ઘંટારવ થાય...' જેવા ગરબાથી ભક્તિ રસમાં ડોલાવતા અવિનાશ વ્યાસ જન્મશતાબ્દિની ઉજવણી થઈ અને એના જ અનુસંધાને ગાંધીનગરમાં સૌપ્રથમ સાંસ્કૃતિક સંસ્થા 'શિવરંજની'એ અવિનાશી અવિનાશનો માત્ર અને માત્ર અવિનાશ વ્યાસનાં જ ગીત, ગઝલ, ગરબાનો વિશિષ્ટ કાર્યક્રમ યોજી એમનાં નવપલ્લવિત નવા વર્ષનો પ્રારંભ કરાવ્યો...

ટાઉનહૉલનો પરદો ખૂલે એ પહેલાં જ યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા...' અને 'સર્વ મંગલ માંગલ્યે...'ના શ્લોકનું રટણ ચાલુ થયું, પરદો ખૂલવાની રાહ જોતો પ્રેક્ષકગણ અચાનક મંગલમયી અવાજથી ધ્યાનમુદ્રામાં આવી ગયો અને આ હૃદયસ્પર્શી અવાજ પણ ગુજરાતની આગવી ઓળક. ગુજરાતી સાહિત્ય અને સંગીતનાં આધારસ્તંભ જેવાં પુરુષોત્તમ ઉપાધ્યાયનો રેલાયો એટલે આ કાર્યક્રમ સર્વોત્તમ થશે જ એવી આસ્થાથી તાળીઓ ગૂંજી ઊઠી.

'અમર સદા અવિનાશ' શીર્ષક તળે 'અવિનાશી અવિનાશ'ના કાર્યક્રમમાં અવિનાશભાઈના માનસપુત્ર અને સુગમ સંગીતના શિરોમણી પુરુષોત્તમ ઉપાધ્યાય અને એમના કલાવૃંદને પોંખીને આશાબેન સરવૈયાએ કાર્યક્રમમાં કલાકારો અને પ્રેક્ષકોને ઉમળકાભેર આવકાર્યા. લતા-મુકેશ-રફી-કિશોર વગર એક ટાઈમ ફિલ્મીગીતોનો કાર્યક્રમ શક્ય છે, પણ અવિનાશ વ્યાસનાં ગીતો વગર ગુજરાતી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ અશક્ય જ છે. ક્રિકેટમાં કારકિર્દી બનાવવા મુંબઈ ગયેલા અવિનાશ વ્યા જો ઓમાં પસંદ થયાં હોત તો ગુજરાતીફિલ્મી સંગીતનું શું થાત ? એવી વાત કરી 'શિવરંજની' સંસ્થાના પ્રમુખ વાગ્મિનભાઈ બુચે નવા વર્ષના પ્રથમ કાર્યક્રમમાં સૌનું સ્વાગત કર્યું.

ગુજરાતી ગીતોને અનોખી ઊંચાઈ બક્ષનારા અવિનાશ વ્યાસ વાઈડ રેન્જના કલાકાર હતા. જ્યાં સુધી આભને માથે ઝળકશે ચંદ્ર, સુરજ, એક તારો, તારો મને સંભળાશે સથવારો...' લલકારીને પુરુષોત્તમ ઉપાધ્યાયે સુરીલી શરૂઆત કરી એમની કાંઈ કેટલીયે ખટમીઠ્ઠી વાતો યાદ કરી. ૬૨ વર્ષથી ગુજરાતી સુગમ સંગીતમાં ખૂંપેલા પુરુષોત્તમ ઉપાધ્યાય એ પોતે જે કાંઈ છે એ માત્ર અવિનાશ વ્યાસને કારણે છે એવું સ્વીકારે છે. અવિનાશભાઈ એમને 'પશવા' કહીને સંબોધતાં અને એમણે રાત્રે સંભળાવેલી રચના તેઓ પુરુષોત્તમભાઈ પાસેથી સાંભળતાં!

'હવે મંદિરનાં બારણાં ઉઘાડો, ગગન કેડે આવી નોરતાંની રાત' ગાઈને પુરુષોત્તમભાઈએ અવિનાશ વ્યાસને સૂરશબ્દાંજલી આપી. આમણે અવિનાશ વ્યાસ સાથે પાંચ પેઢી સુધી ગીતો ગાયાં છે. પ્રભાતિયાંથી લઈ હાલરડાં સુધીનાં ગીતોમાં અવિનાશ વ્યાસ જ છવાયેલાં રહ્યાં. અવિનાશ વ્યાસ જગત છોડીને ગયા અને ગુજરાતી ફિલ્મોનેય ઉપર લેતા ગયા એવી માર્મિક ટકોર કરી એક મસ્ત મજાનું પારિવારીક ગીત પુરુષોત્તમ ઉપાધ્યાયે 'વાણું વાતા રે, મારે રાંધવાની, રસોઈ મોટી રસોડું નાનું, મોડું થાતાં રે...' ગાઈને સૌને ડોલાવી દીધા.

'નહીં મેલું રે, તારા ફળિયામાં પગ નહીં મેલું...' જેવી લોકસંગીતની મસ્ત રચના ડૉ. ફાલ્ગુની ડૉક્ટરે સુરીલા અવાજમાં કરી, લાગલગાટ બીજું ગીત 'ઊંચી તલાવડીની ઓર...' મદમસ્ત અવાજમાં છેક તારસપીકમાં ગાઈને ડૉ. ફાલ્ગુનીએ રંગ જમાવ્યો તો પુરુષોત્તમ ઉપાધ્યાયે લહેકો જમાવ્યો અને છેલ્લે પ્રેક્ષકોએ તાળીઓથી સંગત આપી ગાયકોને વધાવી લીધા.

'કોઈ થાતું રાજી, કોઈ જાતું દાઝી, એવી શું હોય તારી આ આતશબાજી !' જેવો શેર સુણાવી તેજસ મજમુદારને પ્રથમવાર કંઈક બોલવાનો મોકો મળ્યો, અવિનાશ વ્યાસની યાદોના સ્મરણમાં એક કન્યા વિદાય ગીત માટે પલકને આમંત્રી, પલકે કહ્યું કે 'નયન પંચોલી પાસે તાલીમ લઈ હાલ મુંબઈ પુરુષોત્તમ ઉપાધ્યાય પાસે સઘન તાલી મેળવી રહી છું.' 'બેના રે સાસરીયે જાતાં જો જો પાંપણ ના ભિંજાય...' અત્યંત આદ્રતાપૂર્વક ગાઈ એની છાપ મૂકતી ગઈ !



ગઝલ અને સુગમ સંગીતમાં પુરુષોત્તમભાઈનો વારસો આગળ વધારી રહેલા નયન પંચોલીએ દમદાર અવાજમાં ગુજરાતનું અતિ પ્રસિધ્ધ ભજન 'ધૂણી રે ધખાવી બેલી...'માં ઢોલક પર ભરત મકવાણા, તબલાં પર સંદીપ અને મંજીરા દિપેશે એવી તો જમાવટ કરી ગીત ઉપડી ગયું, પહાડી અવાજના માલિક નયન પંચોલીએ ભજનમાં રસતરબોળ થઈ ગાયું... 'ભોજનમાં તને રસ, મીઠાઈ ને મિષ્ઠાનની થાળી અને પેલો ગરીબ ભૂખ્યો ને એના પેટ કેમ ખાલી' જેવી વ્યથા સાથે સૂફી ગીત 'મંદિર ઉઘાડાં રે, તારે મોઢે તાળાં હજાર હાથવાળા...'ના ગીતથી નયન પંચોલીએ વેરીએશન રજૂ કર્યા...

'પાન લીલું જોયુ ને તમે યાદ આવ્યા...' આ એક જ ગીત યાદ આવે ને હંસા દવે નજર સમક્ષ આવે, હંસા દવેએ 'મારે પાલવડે બંધાયો, જશોદાનો જાયો' અને 'કેડમાં રૂમાલ લાલ, ગજરામાં ફૂલ લાલ' બે ગીતો ગાયાં પણ જે અવાજ માટે એ પ્રખ્યાત છે એ કદાચ એમની નાદુરસ્ત તબિયતને કારણે એ દેખાયો નહીં અને હંસા દવેનાં બંને ગીતોને પ્રેક્ષકો જલદી ભૂલી જાય એમાં જ એમાંજ એમની સજ્જનતા બતાવી, એમને માન બક્ષ્યું !!

પુરુષોત્તમ ઉપાધ્યાયે ફરી એકવાર જૂની સ્મૃતિઓમાં ડોકિયું કરાવતાં કીધું કે આશા ભોંસલે મારી બાજુમાં બેસીને પ્રોગ્રામમાં ગાય અને તાનમાં આવે એટલે જોરથી પગ પર થપાટ મારે... પુરુષોત્તમ ઉપાધ્યાયે ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં નર્મદે કરેલી પ્રતિજ્ઞા યાદ કરાવીને કહ્યું કે નર્મદ કહેતાં મારી ગુજરાતીને માન્યતા નહીં મળે ત્યાં સુધી માથે પાઘડી નહીં પહેરું અને એજ ગુજરાતીને વળગી રહેનારાં અવિનાશ વ્યાસ એટલે આધુનિક નર્મદ...

મુંબઈના રણજીત સ્ટુડિયોમાં હૃતિક રોશનના દાદા એટલે કે સંગીતકાર રોશન પણ આવતાં અને એ વખતે ગુજરાતી ગીતોની ધૂન પરથી ઊઠાંતરી કરીને બનાવેલું ગીત 'તમે થોડાં થોડાં થાવ વરણાગી'ની

● અનુસંધાન છઠ્ઠા પાને...